NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Nirma University
Library Resource Centre

Publication: **Divya Bhaskar City**
Edition: **Ahmedabad**
Date & Day: **11/02/2022 (Fri)**
Page No: **11**

---

EDUCATION | નિરમા યુનિ.માં ઇન્ટરનેશનલ ટીચિંગ મંથનું સેલિબ્રેશન

# નવી શિક્ષણ નીતિ મુજબ ગ્લોબલ સપોર્ટની જરૂરિયાત: ડૉ. અનુપ સિંઘ

**અમદાવાદ** | વિવેક નારાયણ શર્માએ સંસ્થાને વૈશ્વિક નાગરિકો બનાવવા અને વિદ્યાર્થીઓને વૈશ્વિક સંપર્કમાં આવવાની તકો ઊભી કરવાબદલ અભિનંદન પાઠવ્યા હતા. 'આપણાં જીવનમાં આત્મનિરીક્ષણ કેટલું મહત્ત્વનું છે અને એક સારા નાગરિક બનવું દરેક માટે જરૂરી છે. આપણે શા માટે સારા નાગરિક બનવું જોઈએ અને આપણી નૈતિક ફરજો શું છે તે વિશે જાણવું જોઈએ.' એડવોકેટ-ઓન-રેકોર્ડ, સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના વિવેક નારાયણ શર્માએ નિરમા ખાતે યોજાયેલા સમારોહમાં આ બાબત કહી હતી. તેમણે વધુમાં શિક્ષણના હેતુ પર ભાર મૂક્યો હતો અને હવે કેવી રીતે વૈશ્વિક નિષ્ણાતો ઓનબોર્ડ છે, વિદ્યાર્થીઓ માટે નિષ્ણાતો પાસેથી તેઓ જેટલું શીખી શકે તેટલું જ્ઞાન મેળવે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેમણે દરેકને શ્રેષ્ઠ બનવાનું લક્ષ્ય રાખવા અને જીવનમાં વધુ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે જીવનમાં શક્ય તેટલું વિકસિત થવા માટે પ્રેરણા આપી હતી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ, નિરમા યુનિવર્સિટી ખાતે ફ્લેગશિપ ઈવેન્ટ - ઈન્ટરનેશનલ ટીચિંગ મંથ સમારોહ શરૂ કરવામાં આવ્યો છે. નિરમાના ડાયરેક્ટર જનરલ ડૉ. અનુપ કે સિંઘે નવી શિક્ષણ નીતિને અનુરૂપ ગ્લોબલ સપોર્ટ, ગ્લોબલ એક્સપોઝર અને ક્રોસ-ડિસિપ્લિનરી સ્ટડીઝની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ આંતરરાષ્ટ્રીય શિક્ષણમહિના 2022માં સંસ્થા વિશ્વભરના 40થી વધુ પ્રતિષ્ઠિત વક્તાઓનું આયોજન કરી રહી છે. સ્પીકર્સ વિશ્વના વિવિધ ભાગો જેવા કે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, પેરુ, હંગેરી, જર્મની, ઈટાલી, ચેક રિપબ્લિક, સ્લોવાકિયા, સ્વીડન, સ્પેન, લંડન, ઓસ્ટ્રેલિયા, ક્રોએશિયા, રશિયા, બાંગ્લાદેશ, બેલ્જિયમ, કેનેડા અને દક્ષિણ આફ્રિકાના છે. ખ્યાતનામ યુનિવર્સિટીઓના પ્રોફેસરો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.



**આંતરરાષ્ટ્રીય શિક્ષણ મહિનાના સેલિબ્રેશનમાં નિરમા યુનિવર્સિટીમાં 40 લોકોના સેશન થશે**